| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૦૮ | ૦૬ | ૨૦૨૨ |
| નિકાલ તારીખ: | ૧૫ | ૦૫ | ૨૦૨૬ |
| સમય અવધિ : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૩ | ૧૧ | ૧૦ |

## ક્રિમીનલ મેન્યુઅલના નિયમ રૂલ–૧૭૯(એ) અન્વયે જજમેન્ટ

## FORM - A

**<u>અંકલેશ્વરના મહે.બીજા અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં</u>**

**<u>આંક:–</u>**

**(જજમેન્ટ તારીખ– ૧૫/૦૫/ ૨૦૨૬)**

**ક્રિમીનલ કેસ નં– ૨૭૯૮/૨૦૨૨**

**(અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશન, ગુ.ર.નં– ૦૮૮૪/૨૦૨૨)**

જુગાર અટકાયતી અધિનિયમ–૧૨ (અ) મુજબ.

| | |
|---|---|
| ફરીયાદી:– | **શ્રી સરકાર.** |
| ફરીયાદપક્ષ તરફે :– | વિ. એડીશ્નલ પબ્લીક પ્રોશીકયુટર<br>શ્રી કે.એલ.દેસાઈ |
| આરોપી:– | **રમીલાબેન બાબુભાઈ વસાવા**<br>હાલ રહે. જીન ફળીયા, અંકલેશ્વર,<br>તા.અંકલેશ્વર, જી.ભરૂચ. |
| આરોપી તરફે :– | વિ.વ.શ્રી એચ.જી.પટેલ |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ– | ૩૦/૦૪/૨૦૨૨ |
| એફ.આઈ.આર.તારીખ– | ૩૦/૦૪/૨૦૨૨ |
| ચાર્જશીટ કર્યા તારીખ– | ૨૫/૦૫/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ– | –––––– |

| | |
|---|---|
| પુરાવો નોંધવાની શરૂઆત કર્યા તારીખ– | ૦૮/૦૬/૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ– | –––––– |
| ચુકાદા તારીખ– | ૧૫/૦૫/૨૦૨૬ |
| સજાનો હુકમ ફરમાવ્યા તારીખ,જો હોય તો | –––––– |

**–::આરોપીની વિગત::–**

| આરોપીનો રેન્ક | આરોપીનું નામ | ઘરપકડ કર્યા તારીખ | જામીન મુકત કર્યા તારીખ | આરોપી ઓ સામેના ગુનાનુ તહોમત | રમીલા બેન બાબુ ભાઈ વસાવા નિર્દોષ કે દોષિત. | ફરમાવેલ સજા. | ક્રિ.પ્રો.કો. કલમ–૪૨૮ અન્વયે ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન અટકાયતમા પસાર કરેલ સમય. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રમીલાબેન બાબુભાઈ વસાવા | ૩૦/૦૪/૨૨ | ૩૦/૦૪/૨૨ | જુગાર અટકાયતી અધિનિયમ–૧૨ (અ) મુજબ. | નિર્દોષ | – | લાગુ પડતુ નથી. |

## FORM - C

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**<u>એ – ફરીયાદપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | આંક | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | બહાદુરભાઈ નાથુભાઈ વસાવા | ૧૧ | પંચ |
| ૨ | કલ્પેશભાઈ કનૈયાલાલ | ૧૩ | પંચ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ધનંજયસીંહ વિક્રમસીંહ | ૧૯ | ફરીયાદી |
| ૪ | સાગરભાઈ માલાભાઈ મકવાણા | ૨૫ | સાહેદ |

**<u>બી – બચાવપક્ષે સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**<u>સી – કોર્ટ સાહેદોનું લીસ્ટ:–</u>**

| ક્રમ | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|
| –– | –––– | ––– |

**ફરીયાદપક્ષે/બચાવપક્ષે/કોર્ટ ના દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–**
**<u>એ – ફરીયાદપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| ૧ | ૧૨ | પંચનામુ |
| ૨ | ૨૦ | ફરીયાદ |

**<u>બી– બચાવપક્ષે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**<u>સી – કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ:–</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજ નું વર્ણન |
|---|---|---|
| –– | ––– | ––– |

**જજમેન્ટ**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, તહોદાર બહેન મોજે.જીન ફળીયામાં જાહેરમાં ગેરકાયદેસર રીતે સટ્ટા બેટીંગના આંક ફરકના આંકડાઓ લખી પૈસા વડે હારજીતનો

જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનો (સ્લીપ બુક–૧ તથા કાર્બન પેપર–૧ તેમજ બોલપેન–૧) કિં.રૂ.૦૦/ તેમજ અંગઝડતીના જુદા જુદા દરની ચલણી નોટો રોકડા રૂપીયા ૫૯૦/– સાથે જાહેરમાંથી પકડાઈ જઈ જુગાર અટકાયતી અધિનિયમની કલમ–૧૨ (અ) મુજબનો ગુનો કરેલ, તે મુજબનું તહોમતનામું અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

**(૨)** ત્યારબાદ આરોપીઓને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપીઓ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આંક–૭ સુધી આરોપીઓનો જવાબ નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપીઓ વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

**–: <u>મૌખિક પુરાવા:–</u>**

(૧) આંક–૧૧ થી પંચ બહાદુરભાઈ નાથુભાઈ વસાવાની જુબાની

(૨) આંક– ૧૩ થી પંચ કલ્પેશભાઈ કનૈયાલાલ વસાવાની જુબાની

(૩) આંક–૧૯ થી ફરીયાદી ધનંજયસીંહ વિક્રમસીંહની જુબાની

(૪) આંક–૨૫ થી સાહેદ સાગરભાઈ માલાભાઈ મકવાણાની જુબાની

**<u>–:દસ્તાવેજી પુરાવા:–</u>**

(૧) આંક– ૧૨ થી પંચનામુ

(૨) આંક– ૨૦ થી ફરીયાદ

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો નહી આપવા માંગતા હોવાનું જણાવતા, આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ ૩૧૩ અન્વયે આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકારપક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવી.

**<u>–: મુદ્દા :–</u>**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તહોદાર બહેન મોજે.જીન ફળીયામાં જાહેરમાં ગેરકાયદેસર રીતે સટ્ટા બેટીંગના આંક ફરકના આંકડાઓ લખી પૈસા વડે હારજીતનો જુગાર રમી રમાડી જુગાર રમવાના સાધનો (સ્લીપ બુક–૧ તથા કાર્બન પેપર–૧ તેમજ બોલપેન–૧)

કિં.રૂ.૦૦/ તેમજ અંગઝડતીના જુદા જુદા દરની ચલણી નોટો રોકડા રૂપીયા ૫૯૦/– સાથે જાહેરમાંથી પકડાઈ જઈ જુગાર અટકાયતી અધિનિયમની કલમ–૧૨ (અ) મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યાર પછીના આપેલ છે.

૧.નકારમાં,
૨.આખરી હુકમ મુજબ

## કા ર ણો

**(૫)** સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક–૧૧ થી પંચ બહાદુરભાઈ નાથુભાઈ વસાવા તથા આંક–૧૩ થી પંચ કલ્પેશભાઈ કનૈયાલાલ વસાવાને તપાસેલ છે. સદર પંચ સાહેદો પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ પરની જુબાની દરમ્યાન પોતાની સરતપાસમાં આંક–૧૨ થી રજુ થયેલ પંચનામામાં પોતાની સહી સીવાયની અન્ય કોઈ હકીકતને લેશમાત્ર સમર્થન કરી શકેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સદર સાહેદોને હોસ્ટાઈલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી સદર સાહેદોની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. તેમ છતા સદર સાહેદોની ઉલટ તપાસ દરમ્યાન સદર સાહેદોની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિશેષ કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ બની શકે તે મુજબની કોઈ હકીકત રેકર્ડ પર આવી શકેલ નથી.

બચાવપક્ષે સદર સાહેદોની કરવામાં આવેલ ઉલટતપાસ જોવામાં આવે તો પંચનામામાં સહી કર્યા સિવાય બીજી કોઈ જાત માહીતી નથી.

**(૬)** સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક–૧૯ થી ફરીયાદી ધનંજયસીંહ વિક્રમસીંહ ઝાલાને તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૩૦/૦૪/૨૦૨૨ ના રોજ અમો અંકલેશ્વર શહેર પો.સ્ટે ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન સ્ટાફના સાગરભાઈ માલાભાઈ તથા નૈલેશકુમાર પ્રવિનદાન અને માવજીભાઈ નાગજીભાઈ સાથે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન બાતમી મળેલ કે જીન ફળીયામાં રહેતી રમીલાબેન બાબુભાઈ વસાવા જીન ફળીયામાં આવેલ ઝુપડપટ્ટીની ખુલ્લી જગ્યામાં સટ્ટા બેટીંગના આંકડા લખી હાર–જીતનો જુગાર રમાડે છે. જેથી બે પંચોને બોલાવી

પંચોને સાથે રાખી બાતમીવાળી જગ્યાએ જઈ દુરથી જોતા આ ઝુપડપટ્ટી પાસે આવેલ ખુલ્લી જગ્યામાં એક બહેન હાથમાં કઈક લખતી હોય અને કેટલાક ઈસમો કઈક લખાવતા હોય તેઓને પોલીસે કોર્ડન કરી ઈસમોને પકડવા જતા કેટલાક ઈસમો ભાગી ગયેલ અને પકડાયેલ નહી અને સટ્ટા બેટીંગના આંકડા લખી બહેન સ્થળ પર પકડાઈ ગયેલ તેનુ નામ પુંછતા રમીલાબેન બાબુભાઈ વસાવા, રહે. જીન ફળીયા હોવાનુ જણાવેલ અને તેની અંગજડતીમાંથી એક સટ્ટા બેટીંગના આંકડા લખવાની સ્લીપબુક અનું નં.૩૯૧ થી ૫૦૦ દરેક પર "કલ્યાણ ચિઠ્ઠી હશે રૂપીયા મળશે" છાપેલ જેમાં પ્રથમ પાના પર જેમા પ્રથમ પાના ઉપરની ચિઠ્ઠી પર જુદા-જુદા આંકડાઓ લખેલ મળી આવેલા તેમજ બોલપેન-૧, કાર્બન પેપર-૧ અને બેનના હાથમાં પ્લાસ્ટીકની થેલી હતી તેમાં અલગ-અલગ દરની ચલણી નોટો મળી રોકડ રૂપીયા ૫૯૦/- મળી આવેલ જે તમામ મુદામાલ પંચો રૂબરૂ કબજે લીધેલ અને આ અંગેનુ પંચનામુ અમારી સાથેના સાગરભાઈ માલાભાઈ નાએ પંચોની હાજરીમાં પંચનામુ કરી આ જુગારનુ સાહિત્ય કબજે લીધેલો અને આરોપીને અટક કરેલ. આ તમામ કામગીરીમાં અમે સાથે હતા અને આરોપી સામે અમોએ જુગારધારા કલમ-૧૨ અ મુજબની ધોરણસરની ફરીયાદ આપેલી. મને ફરીયાદની નકલ બતાવવામાં આવે છે. તેમાં મારી સહી છે. જેને રજુ દાખલ આંક-૨૦ આપવામાં આવે છે.

બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી એ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, બનાવવાળો વિસ્તાર વસ્તી વાળો વિસ્તાર છે. રેડમાં કેટલા વાગે નીકળેલા અને સ્થળ પર કેટલા વાગે પહોંચેલા તેની વિગત કે રેડમાં જે વાહનમાં ગયેલા તેનો નંબર ફરીયાદમાં લખેલ નથી.

(૭) સદર કામે ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન અપાવવા માટે આંક-૨૫ થી સાહેદ સાગરભાઈ માલાભાઈ મકવાણાને તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે,તા.૨૦/૦૪/૨૦૨૨ ના રોજ હું તથા અ.પો.કો. ધનંજયસીંહ વિક્રમસીંહ તથા પો.કો. માવજીભાઈ તથા પો.કો.નૈલેશદાન આવતા પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે અમોને અમારા અંગત બાતમીદારથી બાતમી મળેલ કે અંકલેશ્વર જીન ફળીયા ખાતે રહેતા રમીલાબેન બાબુભાઈ વસાવા ઝુપડપટ્ટીની ખુલ્લી જગ્યામાં સટ્ટા બેટીંગ આંકડા લખી પૈસા વડે હાર-જીતનો જુગાર રમાડે છે. જે બાતમી આધારે બે પંચોના માણસો સાથેના પો.કો

માવજીભાઈ બોલાવી લાવતા પંચ નં.૧ બહાદુરભાઈ નાથુભાઈ તથા પંચ નં.ર કલ્પેશભાઈ કનૈયાલાલને સર્કલ ત્રણ રસ્તા ખાતે બોલાવી લાવતા બાતમી હકીકતથી વાકેફ કરી ખાનગી વાહનમાં બાતમીવાળી જગ્યાએ જતા એક બહેન હાથમાં કંઈક લખતી હોય અને એક શખ્સ કંઈ લખાવતો હોય તેઓને કોર્ડન કરી સત્તા બેટીંગનો જુગાર રમતા ઈસમોને પકડવા જતા આંકડા લખાવવા આવેલ ઈસમો પોલીસ પંચોને જોઈ ભાગી ગયેલ અને સ્થળ પર એક બહેન પકડાઈ ગયેલ તે બહેનનું પંચો રૂબરૂ નામઠામ પુછતા તે બહેને પોતાનુ નામ રમીલાબેન બાબુભાઈ દેવજીભાઈ વસાવા હોવાનુ જણાવેલ તેઓએ પંચો રૂબરૂ જડતી કરતા તેમના હાથમાં એક સ્લીપ બુક મળી આવેલ જેના પર ક્રમ નંબર ૩૯૧ થી ૫૦૦ સુધીના અનુક્રમ લખેલ છે તેમજ દરેક ચિઠ્ઠી ઉપર ગુજરાતીમાં કલ્યાણ ચિઠ્ઠી હશે તો રૂપીયા મળશે તેમ છાપેલ છે આ સ્લીપ બુકના પ્રથમ પેજ પર જુદા–જુદા આંકડા લખેલ છે તેમજ ચાલુ હાલતમાં બોલપેન તેમજ કાર્બન પેપર તેમજ સદર બહેન પાસે એક પ્લાસ્ટીકની થેલી હોય તેમા રોકડા રૂ.૫૯૦/– મળી આવેલ. જે બદલનું પંચનામુ મારા રૂબરૂ કલાક ૧૭:૩૦ થી ૧૮:૦૦ સુધી કરી લઈ પો.સ્ટેમાં સદર બહેન વિરુધ્ધ સાથેના અ.પો.કો. ધનંજયસીંહ નાઓએ પો.સ્ટે અમલદાર રૂબરૂ ફરીયાદ આપેલી. તે અંગેની આગળની તપાસ અમોને સોપતા અમોએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તેમજ આ કામના આરોપી રમીલાબેને કલાક ૧૮:૦૦ વાગે અટક કરેલ તેમજ તપાસના અંતે આરોપી વિરુધ્ધ ગુનો બનતો હોય તેમના વિરુધ્ધ અમોએ ચાર્જશીટ કરેલુ. મને કોર્ટના રેકર્ડમાંથી આંક–ર૦ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં પી.એસ.ઓ તરીકે પ્રતાપભાઈ માગતાભાઈ રૂબરૂ તરીકે સહી છે તેમજ ફરીયાદી ધનંજયસીંહની સહી. જે હું ઓળખી બતાવુ છુ તેમજ મને આંક–૧ર વાળુ રેઈડ અંગેનુ પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચોના કહેવા મુજબ પંચનામુ લખીને તેમની સહી કરેલી તે મારા રૂબરૂ તરીકે અમારી સહી છે તે હું ઓળખી બતાવુ છુ. આરોપીને જોયેથી ઓળખુ છુ.

બચાવપક્ષે આરોપી તરફે વિ.વ.શ્રી એ કરેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વિકાર કરે છે કે, પેટ્રોલીંગમાં કેટલા વાગે, કયા રજીસ્ટ્રેશનવાળા વાહનમાં પેટ્રોલીંગમાં હતા તે જણાવેલ નથી કે જુગારની રેઈડ અંગ બાતમી કોણે આપેલી તે જણાવેલ નથી.

**<u>પુરાવાનું પૃથ્થકરણ:–</u>**

(૮) આમ, ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા કાયદાકીય

જોગવાઈઓ ધ્યાને લઈ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષે તેઓનો કેસ સાબીત કરવા આંક–૬ થી ફરીયાદીને તપાસેલ છે. સદર સાહેદની જુબાનીને વંચાણે લેતા તેઓએ ફરીયાદ હકીકતને અનુરુપ જુબાની આપેલ છે પરંતુ આ કામે તપાસેલ પંચનામાના પંચ સાહેદોએ રજુ કરેલ પંચનામામા માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે. જયારે પંચનામાની અન્ય વિગતોને સમર્થન કરેલ નથી અને તૈયાર પંચનામામા સહી કરેલ હોવાનુ સદર પંચ સાહેદો ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે. જેથી ફરીયાદપક્ષ પંચનામુ પુરવાર કરી શકેલ નથી. તેમજ ફરીયાદીની ઉલટ તપાસ વંચાણે લેતા કોઈ તટસ્થ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી આ કામે ફરીયાદી કે જેઓ પોલીસ સાહેદ છે જેથી સ્વાભાવીક રીતેતેઓના ફરજના ભાગ રુપે જુબાની આપેલ હોવાનુ જણાય છે. આ કામે આરોપીઓ સામેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતા આક્ષેપીત ગુનો શંકા રહિત સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. માત્ર પોલીસ સાહેદોની જુબાની પરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુનો નિ:શંકપણે પુરવાર થયેલ નથી. તેમજ ફરીયાદપક્ષે તેઓનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ ના હોય ત્યારે રજુ કરેલ પુરાવાના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. આ કામે ફરીયાદ પક્ષ આરોપીઓ સામે મુકેલ તહોમત પુરવાર થતુ નથી ત્યારે અહી ફરીયાદપક્ષની એ ફરજ છે કે તેમણે આરોપીઓ વિરુધ્ધનું તહોમત સબળ, શ્રેષ્ઠ, સચોટ, વિશ્વસનીય અને સમર્થનકારી પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવું જોઈએ પરંતુ તેમ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ રહેલ હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. આમ, ફરીયાદપક્ષ મુદ્દા નં ૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુકમ</u> ::–**

**(૧)** આ કામના આરોપી **રમીલાબેન બાબુભાઈ વસાવા** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે જુગારધારા કલમ–૧૨(અ) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૪૩૭ (એ) અન્વયે આરોપીઓએ ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન જામીનખત આખરી હુકમ વિરૂધ્ધ જો અપીલ કોર્ટમાં અપીલ દાખલ થાય તેવા

સંજોગોમાં હાલના આરોપી એ અપીલ કોર્ટમાં હાજર રહે તે માટે ૬ માસની સમયમર્યાદા માટે આરોપીના જામીનખત તથા જતમુચરકા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદામાલ રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરવાનો હુકમ કરવામા આવે છે તેમજ બાકીના મુદામાલનો અપિલ સમય વિત્યેથી નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: ૧૫ મી, માહે. મે, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અંકલેશ્વર
તા.૧૫/૦૫/૨૦૨૬

**(મિતેષકુમાર કિરીટકુમાર મહેતા)**
બીજા એડી. ચીફ જયુડી. મેજી.
અંકલેશ્વર
કોડ નં. જી. જે.૦૧૨૨૫

( GUJ. STENO: P.J.PANARA )
ANKLESHWAR.